# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 12/10/2026** **Morning : 7.10 to 7.20**
**Day : MONDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **સંસ્કૃતિ ભુંડિયા** વાંચે છે.

---

1. **અમદાવાદમાં વાઇબ્રન્ટ ગુજરાત નવરાત્રી મહોત્સવનો આરંભ કરાવતા મુખ્યમંત્રીએ સાંસ્કૃતિક વિરાસતનું જતન કરવા, સ્વચ્છતા જાળવવા નાગરિકોને અનુરોધ કર્યો.**
2. **રાજ્યમાં ઔદ્યોગિક રોકાણ અને ઉદ્યોગ વિકાસને પ્રોત્સાહન આપવા સરકારે 268 તાલુકાઓનું સુધારેલું વર્ગીકરણ જાહેર કર્યું.**
3. **બરડા વન્યજીવ અભ્યારણ્ય સિંહોનાં લાંબા ગાળાના મહત્વપૂર્ણ આશ્રયસ્થાન તરીકે વિકસી શકે તેવુ સંશોધનનું તારણ.**
4. **કેન્દ્રીય રમતગમત મંત્રી મનસુખ માંડવિયાના હસ્તે આજથી અમદાવાદમાં બ્રિક્સ પરંપરાગત રમતોત્સવનો આરંભ થશે.**
5. **ઇન્દોરમાં રમાયેલી ટી-20ની ત્રીજી મેચમાં વેસ્ટ ઇન્ડિઝ સામે વિજય સાથે ભારતની શ્રેણીમાં 2-1થી સરસાઇ.**

---

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

હવે પછી આપ 7 વાગીને 45 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો..

# CM VIBRANT NAVRATRI

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે અમદાવાદના જીએમડીસી ગ્રાઉન્ડ ખાતે વાઇબ્રન્ટ નવરાત્રિ મહોત્સવ-**2026**નો ગઇકાલે મોડી સાંજે આરંભ કરાવ્યો હતો. આ પ્રસંગે 'આહ્વાન મા આદ્યશક્તિ'ની થીમ પર **800**થી વધુ કલાકારોએ ગુજરાતની લોકસંસ્કૃતિ, શક્તિ ઉપાસના, સંગીત, નૃત્ય અને આધ્યાત્મિક પરંપરાનું નિરૂપણ કરતી સાંસ્કૃતિક પ્રસ્તુતિ કરી હતી. મુખ્યમંત્રીએ ગુજરાતની સમૃદ્ધ સાંસ્કૃતિક વિરાસતનું જતન કરવા, સ્વચ્છતા જાળવવા તથા માતાઓ-બહેનો અને દીકરીઓની સુરક્ષા અને સન્માનના સંકલ્પ સાથે નવરાત્રિ પર્વની ઉજવણી કરવા નાગરિકોને અનુરોધ કર્યો હતો.

## (BYTE: BHUPENDRA PATEL, CHIEF MINISTER)

*(શ્રી મોદી સાહેબના પ્રયાસોથી આપણા ગરબાને યુનેસ્કોના અમૂર્ત સાંસ્કૃતિક વારસા તરીકે સ્થાન મળ્યું છે. તેમના વિઝનથી ગુજરાતનો ગરબો વૈશ્વિક સ્તરે ઓળખ પામ્યો છે. આ ઉત્સવના માધ્યમથી હસ્તકલાના કારીગરોને આર્થિક સમૃદ્ધિ અને આજીવિકા પણ પ્રાપ્ત થઈ રહી છે. નવદુર્ગાની આરાધના અને ગરબાના આ પર્વ પર આપણે સૌ સાંસ્કૃતિક વિરાસતનું ગૌરવ જાળવવાનો અને માતા-બહેનો તેમજ દીકરીઓના સન્માન તથા સુરક્ષાની સામાજિક જવાબદારી નિભાવવાનો સંકલ્પ લઈએ છીએ.)*

વાઇબ્રન્ટ નવરાત્રિ મહોત્સવ-**2026** અંતર્ગત આ વર્ષે ખાસ તૈયાર કરાયેલી બાળનગરીમાં ટીવી સ્ટુડિયો, ફોટો સ્ટુડિયો અને એફએમ સ્ટુડિયો સહિતની વિવિધ સર્જનાત્મક તથા મનોરંજક પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવ્યું છે. આ ઉપરાંત, વિવિધ પ્રકારના ફૂડ સ્ટોલ્સ અને હસ્તકલા બજાર પણ મુલાકાતીઓ માટે આકર્ષણનું કેન્દ્ર બનશે.

# NAVRATRI OVERALL

અરવલ્લી જિલ્લામાં નવરાત્રી મહોત્સવનો પ્રારંભ થયો છે. જિલ્લાના વિવિધ તાલુકાઓ, ગ્રામ્ય વિસ્તારો તેમજ શહેરી વિવિધ જગ્યાએ નવરાત્રી મહોત્સવનો પ્રારંભ થયો હતો. નવરાત્રીના આરંભ પ્રસંગે મોડાસા શહેરમાં ધારાસભ્ય અને પૂર્વ મંત્રી ભિખુસિંહ પરમાર, પોલીસ વડા, જિલ્લા પંચાયત પ્રમુખ, ભાજપ પ્રમુખ, નગરપાલિકા પ્રમુખ, મામલતદાર સહિતના અધિકારીઓ પદાધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## (BYTE: BHIKHUSINHJI PARMAR, MLA, MODASA)

*(અરવલ્લી નવરાત્રી મહોત્સવ, નવ દિવસ, માં જગદંબાની સ્તુતિ કરવાનો આ એક અવસર દર વર્ષે આવતો હોય છે. કે ઘણી બધી નવરાત્રીની અંદર પાસ પ્રથા શરૂ થઈ છે. ત્યારે આ જગ્યા ઉપર કોઈ પાસ પ્રથા નથી, બધી જ કુમના લોકો અહીંયા ફ્રી ઓફ નવરાત્રી મહોત્સવ માણે છે.)*

ભાવનગરના રાજપરા ખોડિયાર મંદિરે આસો નવરાત્રીના પ્રથમ નોરતે ભક્તોનું ઘોડાપૂર ઉમટ્યું હતું. સમગ્ર રાજ્ય અને દેશભરમાંથી માઈભક્તો **52** ગજની ધજાઓ સાથે દર્શને પહોંચ્યા છે.

મહીસાગર જિલ્લાના લુણાવાડાના નાગરદેવી દેવલમાતા મંદિરે પણ નવરાત્રી મહોત્સવનો આસ્થા સાથે પ્રારંભ થયો છે. તો પંચમહાલ જિલ્લામાં આવેલ શક્તિપીઠ પાવાગઢમાં નવરાત્રિમાં દર્શને આવતા માઈભક્તોનું ઘોડાપૂર ઊમટ્યું છે.

કેન્દ્રશાસિત પ્રદેશ દીવમાં નવરાત્રીના પ્રથમ દિવસે વિવિધ વિસ્તારોમાં માતાજીની સ્થાપના સાથે ગરબા મહોત્સવનું આયોજન કરવામાં આવી રહ્યું છે. દીવ અને ઘોઘલામાં ખારવા સમાજ દ્વારા માતાજીની શોભાયાત્રા કાઢવામાં આવી હતી.

# TALUKA VARGIKARAN

રાજ્યમાં ઔદ્યોગિક રોકાણ અને ઉદ્યોગ વિકાસને પ્રોત્સાહન આપવા રાજ્ય સરકારે **268** તાલુકાઓનું સુધારેલું નવું વર્ગીકરણ જાહેર કર્યું છે. ‘વિકસિત ગુજરાત ઔદ્યોગિક નીતિ-**2026**’ હેઠળ આ વર્ગીકરણમાં રાજ્યના કુલ **268** તાલુકાઓમાંથી **130** તાલુકાઓને કેટેગરી-**A** અને **138** તાલુકાઓને કેટેગરી-**B**માં સમાવાયા છે. આ વર્ગીકરણ રાજ્યના **34** જિલ્લાઓને આવરી લે છે.

ઉદ્યોગ અને ખાણ વિભાગ દ્વારા જાહેર કરાયેલા આ વર્ગીકરણમાં રાજ્યમાં નવા તાલુકાઓની રચના અને નવી ઔદ્યોગિક નીતિને ધ્યાનમાં લેવામાં આવી છે. આ વર્ગીકરણથી વિવિધ વિસ્તારોમાં ઔદ્યોગિક પ્રોત્સાહન માટેનું માળખું વધુ સ્પષ્ટ બનશે. નવા વર્ગીકરણથી નવા ઔદ્યોગિક એકમો સ્થાપવા, હાલના એકમોનું વિસ્તરણ કરવા માટે ઉદ્યોગસાહસિકોને પોતાના પ્રોજેક્ટના સ્થળ પ્રમાણે લાગુ પડતી કેટેગરી અને પ્રોત્સાહન યોજનાઓની જોગવાઈઓ સમજવામાં સરળતા રહેશે.

# BARDA FOREST BECOMES THE NEW HOME OF LIONS

બરડાનું જંગલ એશિયાઇ સિંહો માટે એક નવુ 'ઘર' બન્યું છે.પોરબંદર અને દેવભૂમિ દ્વારા જિલ્લામાં પથરાયેલા બરડાનાં જંગલની ખડકાળ ટેકરીઓ સિંહોને માફક આવી ગઇ છે. તાજેતરમાં થયેલા એક અભ્યાસ મુજબ, બરડા વન્યજીવ અભ્યારણ્ય સિંહોનાં લાંબા ગાળાના મહત્વપૂર્ણ આશ્રયસ્થાન તરીકે વિકસી શકે છે. બરડાનાં જંગલમાં સિંહોને લાંબાગાળા સુંધી ટકાવી રાખવા માટે જરૂરી આવાસ, પૂરતો શિકાર અને અનુકૂળ પર્યાવરણીય પરિસ્થિતિઓ ઉપલબ્ધ છે તેવુ તારણ બહાર આવ્યું હોવાનું વન અને પર્યાવરણ મંત્રી અર્જૂન મોઢવાડિયાએ કહ્યું હતું.

## (BYTE - ARJUN MODHWADIA, FOREST MINISTER)

***(26 સિંહ આ એશિયાટિક લાયન જે છે એ બરડા અભ્યારણમાં વિહાર કરે છે. આના ઉપર એક બાંદા યુનિવર્સિટી છે, એને એક અભ્યાસ પેપર જાહેર કર્યું છે. એ મુજબ આ 192 સ્ક્વેર કિલોમીટર એરિયાના જે અભ્યારણ આવેલું છે, એ અભ્યારણની અંદર સિંહને પૂરતી ખોરાક મળી રહે છે અને એના આવાસ માટેની બધી જ ત્યાં સગવડતાઓ ઉપલબ્ધ થયેલી છે.)***

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

ગોન્ગ મ્યુઝિક

......................................

ડેસ્ક

# SEVA SANKALP ABHIYAN MARITIME

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીને જાહેરસેવામાં ૨૫ વર્ષ પૂર્ણ થયા છે. તે અંગેની અમારી આ વિશેષ શ્રેણીમાં આજે અમે આપને જણાવીશું દેશમાં બંદર ક્ષેત્રમાં આવેલા પરિવર્તન અંગે.

## (CAPSULE: PRAVESH ADIACHA)

*(.... વર્ષ ૨૦૧૪ પછી દેશના દરિયાઈ ક્ષેત્ર અને બંદર માળખાકીય સુવિધાઓમાં અભૂતપૂર્વ પરિવર્તન આવ્યું છે. પોર્ટ લેઈડ ડેવલપમેન્ટ એટલે કે, બંદર સચાલિત વિકાસના સંકલ્પ સાથે શરૂ થયેલી આ ક્રાંતિએ દેશના દરિયાકાંઠાના વિકાસ અને આર્થિક ગતિશીલતાને નવો વેગ આપ્યો છે. વર્ષ ૨૦૧૪ પછી ભારતીય બંદરોની કાર્ગો હેન્ડલિંગ એટલે કે, જહાજોથી માલસામાન એકથી બીજી જગ્યાએ પહોંચાડવાની ક્ષમતામાં પણ નોંધપાત્ર વધારો થતા આયાત-નિકાસ વધુ ઝડપી બની છે. સાગરમાલા પરિયોજના અને સાગરખેડ સર્વાંગી વિકાસ યોજના તેમાં મહત્વની ભૂમિકા ભજવી રહી છે. આ અંગે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું કે,)*

***(BYTE: NARENDRA MODI, PRIME MINISTER)***

*(..... રાષ્ટ્રીય શિપિંગ બોર્ડના સભ્ય રાહુલ મોદીએ આકાશવાણી સમાચાર સાથેની વાતચીતમાં કહ્યું હતું કે, વિઝનરી મેરિટાઈમ પોલિસીના કારણે ઘણો લાભ થયો છે.)*

***(BYTE: RAHUL MODI, MEMBER, GUJARAT PORT REVOLUTION)***

*પ્રવેશ અડિએચા, આકાશવાણી સમાચાર, અમદાવાદ.*

# AN IMPORTANT ANNOUNCEMENT

પ્રાદેશિક સમાચાર વિભાગ તરફથી એક અગત્યની જાહેરાત.

**(VC : PTC JAHERAT NEWS RNU)**

# MANDAVIYA - BRICS SPORTS

કેન્દ્રીય યુવા બાબતો અને રમતગમત મંત્રી ડૉ. મનસુખ માંડવિયા આજે અમદાવાદમાં બ્રિક્સ પરંપરાગત અને સ્વદેશી રમોત્સવ પ્રદર્શન 2026નું ઉદ્ઘાટન કરશે.

આ રમતોનું આયોજન યુવા બાબતો અને રમતગમત મંત્રાલય દ્વારા ગુજરાત સરકારના સહયોગથી ભારતના બ્રિક્સ અધ્યક્ષપદ હેઠળ કરવામાં આવી રહ્યું છે. જે પરંપરાગત અને સ્વદેશી રમતગમત પ્રથાઓના પ્રદર્શન માટે બ્રિક્સ સભ્ય અને ભાગીદાર દેશોના પ્રતિનિધિમંડળોને એકસાથે લાવશે.

મંત્રાલયે જણાવ્યું કે આ રમતો રમતગમત દ્વારા સાંસ્કૃતિક આદાનપ્રદાન, વારસાનું સંરક્ષણ અને લોકો-થી-લોકોના સહયોગને પણ પ્રોત્સાહન આપશે.

આ સાથે મુલાકાતી પ્રતિનિધિમંડળો સાથે દ્વિપક્ષીય બેઠકોનું આયોજન કરવામાં આવ્યું છે. આ બેઠકોનો હેતુ રમતગમતમાં સહયોગને મજબૂત કરવા અને બ્રિક્સ માળખામાં પરંપરાગત અને સ્વદેશી રમતોને પ્રોત્સાહન આપવાની તકો શોધવાનો છે.

# CRICKET

ક્રિકેટમાં, ભારતે ઇન્દોરના હોલકર સ્ટેડિયમ ખાતે રમાયેલી ત્રીજી ટી-20 આંતરરાષ્ટ્રીય મેચમાં વેસ્ટ ઈન્ડિઝને 14 રનથી હરાવ્યું.

વેસ્ટ ઈન્ડિઝે ટોસ જીતીને પ્રથમ બોલિંગ કરવાનો નિર્ણય કર્યો. પ્રથમ બેટિંગ કરતા, ભારતીય ટીમ નિર્ધારિત 20 ઓવરમાં 223 રનમાં ઓલઆઉટ થઈ હતી. ભારત તરફથી અભિષેક શર્માએ 30 બોલમાં શાનદાર 69 રન બનાવ્યા. વેસ્ટ ઈન્ડિઝ તરફથી રોસ્ટન ચેઝ, શમર જોસેફ અને શમર સ્પ્રિંગરે બે-બે વિકેટ ઝડપી.

224 રનના લક્ષ્યાંકનો પીછો કરતા, વેસ્ટ ઈન્ડિઝ નિર્ધારિત 20 ઓવરમાં સાત વિકેટે 209 રન જ બનાવી શક્યું. જેમાં શિમરોન હેટમાયરે 43 અને કામિલ પૂરને 42 રન બનાવ્યા. ભારત તરફથી અર્શદીપ સિંહે ત્રણ વિકેટ ઝડપી. અર્શદીપ સિંહને પ્લેયર ઓફ ધ મેચ જાહેર કરવામાં આવ્યા. ગઈકાલની જીત સાથે, ભારત પાંચ મેચની શ્રેણીમાં 2-1થી આગળ છે. શ્રેણીની ચોથી મેચ 14 ઓક્ટોબરે હૈદરાબાદના રાજીવ ગાંધી ઇન્ટરનેશનલ સ્ટેડિયમ ખાતે રમાશે.

# KUTCH GANJO

કચ્છ જિલ્લાના મોટા કાંડાગરામાંથી 31 કિલોથી વધુ કેફી પદાર્થ સાથે બે આરોપીની ધરપકડ કરવામાં આવી છે. ‘નો ડ્રગ્સ ઇન વેસ્ટ કચ્છ’ અભિયાન અંતર્ગત પશ્ચિમ કચ્છ એસઓજીએ આ કાર્યવાહી કરી હતી. પોલીસની તપાસ દરમિયાન બાબાજીવાળી લેબર કોલોનીની એક ઓરડીમાંથી આ જથ્થો મળી આવ્યો હતો. જપ્ત કરાયેલા નશાકારક પદાર્થની કિંમત 15 લાખ રૂપિયા કરતાં વધુની આંકવામાં આવી છે.